# બનારસના અનુભવો

દેવર્ધિ

## પી.એચ.ડી.અને એવું બધું

### લેખાંક:૫

વરસે દહાડે કેટલાં પુસ્તકો છપાય છે આપણે ત્યાં ? આ પુસ્તકોની નકલ કેટલી હોય છે ? વિચારીએ અને તરત જવાબ મળે એવા પ્રશ્ન છે. આરાધના અને આત્મશુદ્ધિમાં આ પુસ્તકો ઉપયોગી હોય છે એને લીધે આ પુસ્તકોની આદરણીયતા ઊંચી જ ગણાય. પ્રશ્ન એ છે કે, ઇતિહાસ અને વિષય પરીક્ષણ પર કેન્દ્રિત હોય એવા પુસ્તકોની સંખ્યા કેટલી ? કથા અને ઉપદેશનાં પુસ્તકો હંમેશા સૌથી વધુ વંચાય છે. સંશોધન પર કેન્દ્રિત પુસ્તકો ઓછા વંચાય છે. અને તેથી જ ઓછા છપાય છે. જૈન દર્શન, જૈન ઇતિહાસ અને જૈન ગ્રંથો-આ સર્વકાલીન આકર્ષણ કેન્દ્ર છે વિદ્વાનો માટે. જૈન ધર્મ સંબંધી દાર્શનિક ભૂમિકા, ઐતિહાસિક ભૂમિકા અને વૈચારિક ભૂમિકાને જાણવામાં રસ લેનારો વિદ્વાન વર્ગ ઘણો મોટો છે. આ વર્ગને કથા અને ઉપદેશનાં પુસ્તકોમાં રસ પડતો નથી. અગણિત યુવા વિદ્યાર્થીઓ છે દેશ-વિદેશમાં. જૈન અને અજૈનનો ભેદભાવ રાખ્યા વગર આ વિદ્યાપ્રેમી અધ્યેતાઓ જૈન ધર્મ સંબંધી-દાર્શનિક માન્યતાઓ, ઐતિહાસિક તથ્યો અને વૈચારિક સૂત્રોનો અભ્યાસ કરવા માંગે છે. એમને ત્રણ કક્ષાના માર્ગદર્શક મળે છે.

પ્રોફેસર, લેકચરર, ડૉકટર. શૈક્ષણિક જગતમાં આ ત્રણનું વચન અંતિમ લેખાય છે. એમનાં વકતવ્યો અને એમના લેખો અને એમનાં પ્રતિપાદનોના આધારે, જૈન દર્શનને સમજવાની પદ્ધતિ બની ચૂકી છે. શ્રી સંઘ સાધુ-સાધ્વીજીઓનાં વચનને અંતિમ સત્ય માનીને ચાલે છે, એ સાધનાનું સન્માન છે. શૈક્ષણિક વિશ્વમાં, તથ્ય પુરસ્સરનું પ્રતિપાદન કરનાર વિદ્વાનને માન મળે છે. પીએચડી કરનાર.ડૉકટર ગણાય છે. તે વિદ્યાલયોમાં ભણાવે ત્યારે લેકચરર બને છે અને લેકચરરને આગળ જતાં, પ્રોફેસર પદ મળે છે. દુનિયાભરની શાળાઓ, વિદ્યાલયો અને વિશ્વ વિદ્યાલયોમાં જૈન દર્શન સંબંધી રજૂઆત કરવાનો અધિકાર આ ડૉકટર્સ, લેકચરર્સ અને પ્રોફેસર્સ પાસે હોય છે. આજની પેઢીના યુવા અધ્યેતાઓને શૈક્ષણિક સંસ્થાનોમાં જૈન દર્શન વિશે ઘણું બધું જાણવા મળે છે એવું નથી. થોડુંક જે જાણવા મળે છે તે આ ડૉકટર્સ, લેકચરર્સ અને પ્રોફેસર્સ થકી જાણવા મળે છે.

બનારસમાં મને આવા ઘણા યુવા અધ્યેતા મળ્યા જેઓ જૈન દર્શન અને ભારતીય દર્શન સંબંધી બોધ મેળવવા આવતા અને મારો ઘણો બધો સમય લેતાં. પીએચડી કરી રહ્યા હોય તેવા અધ્યેતાને ફેલોશીપના અમુક પૈસા મળે છે. લેકચરરને તો સારા એવા પૈસા મળે છે. પ્રોફેસરને છ આંકડાનો પગાર મળતો હોય એ સ્વાભાવિક ગણાય છે. જૈન દર્શન અને ભારતીય દર્શનનું જ્ઞાન કોની પાસે કેટલું છે, એ આપણે વિચારતા રહીએ છીએ. શૈક્ષણિક સંસ્થાનોમાં કોણ કેટલું કમાય છે એનું પણ આગવું મહત્ત્વ હોય છે.

રત્નત્રયીમાં જે જ્ઞાન છે તે આત્મશુદ્ધિ સાથે જોડાય છે. શૈક્ષણિક સંસ્થાઓમાં જે જ્ઞાન જોવા મળે છે તેમાં આત્મશુદ્ધિ સંબંધી અધ્યવસાયનું કોઈ સ્થાન હોતું નથી. શૈક્ષણિક સંસ્થાનું જ્ઞાન, અર્થોપાર્જનનું લક્ષ્ય રાખે છે. આત્મશુદ્ધિ માટેનું જ્ઞાન, સાધનાનો રસ્તો ખોલે છે. અર્થોપાર્જન માટેનું જ્ઞાન, દુનિયાદારીનો રસ્તો ખોલે છે. જે સાધનાના રસ્તે નથી ચાલી રહ્યા તેમની દુનિયાદારી અપરંપાર હોવાની. પીએચડી કરનારા, પીએચડી કરતી વખતે આર્થિક મહત્વાકાંક્ષા ધરાવે છે. જે પીએચડી કરી લે છે તેને સારી નોકરી મળી જાય છે. આ બાબત જ પીએચડી કરવા માટે સંપ્રેરિત કરે છે. બીજી વાત એ છે કે જેણે પીએચડી કરી છે તે વેલ એજ્યુકેટેડ ગણાય છે. જેણે

શ્રી જગદીશભાઈ ડાહ્યાલાલ શાહ - (ઢૂંઢરવાળા) - મેમનગર, અમદાવાદ



Scanned by CamScanner

પીએચડી કરી નથી તે લેસ એજ્યુકેટેડ ગણાય છે.

બનારસમાં પીએચડી કરવાવાળા ઘણા બધા અધ્યેતાઓ અને અભ્યાસુઓ છે. અધ્યેતા એટલે એ વ્યક્તિ જે પીએચડી કરી રહ્યા છે. અભ્યાસુ એટલે એ વ્યક્તિ જે પીએચડી કરી ચૂક્યા છે, પીએચડી ક્યાંથી કરવામાં આવી તેનું પણ એક અલગ મહત્વ માનવામાં આવે છે. અમુક યુનિવર્સિટીની પીએચડીને વધારે વજન મળે છે. ભારત બહારની યુનિવર્સીટીની પીએચડી તો વળી એકદમ સ્પેશ્યલ ગણાય છે. બનારસ હિંદુ યુનિવર્સિટીની પીએચડી વજનદાર ગણાય છે. પીએચડી કરનાર મહાનિબંધ લખે છે. આ મહાનિબંધ લખવા માટે તે કોઈ એક યુનિવર્સિટીના કોઇ એક શૈક્ષણિક ગુરુની એટલે કે ગાઈડની અધીનતા સ્વીકારે છે. મહાનિબંધનો એક વિષય સુનિશ્ચિત થાય છે. એ વિષયને અનુરૂપ લાગે તેવું એક નામ, એ મહાનિબંધને મળે છે. એ નામ મહાનિબંધ માટે રજિસ્ટર્ડ થાય છે. અને પીએચડીના અધ્યેતાનું કાર્ય શરૂ થાય છે. જે વિષય નક્કી થયો તેનો સાંગોપાંગ અભ્યાસ કરવો એ પીએચડીનું લક્ષ્ય રહે. આ અભ્યાસ માટે, પીએચડીના અધ્યેતાને પૈસા પણ મળતા રહે છે. અધ્યેતાએ પોતાના વિષયને, પોતાને મળેલા વિષયને ઈતિહાસ, અને સાંપ્રત સમયની દૃષ્ટિએ જોવાનો, તે વિષયનું વિચારબિંદુ પકડવાનું, તે વિષયને લગતા મહત્વપૂર્ણ સંશોધનોના આધારે પોતાની સ્વતંત્ર પ્રસ્તુતિ તૈયાર કરવાની. અધ્યેતા જે જે જાણકારી મેળવે તેના આધાર સ્રોત પણ એવા જ ગ્રંથો અને લેખો બની શકે જે અભ્યાસ શાસ્ત્રના નીતિ નિયમ અનુસાર લખાયા હોય. જે જાણકારી, જે મુદ્દો અને જે વાત, અધ્યેતા લખે તે એણે ક્યાં વાંચી તે ટિપ્પણીમાં બતાવતાં રહેવાનું. ટિપ્પણીમાં તે તે આધાર ગ્રંથનુ નામ લખી દે એટલાથી ન પતે. તે આધાર ગ્રંથની કેટલામી આવૃત્તિ છે. ક્યા વરસે છપાઈ છે, પ્રકાશક કોણ અને પ્રકાશન સંવત કઇ તે પણ ટિપ્પણીમાં ઉમેરવું પડે.

મહા નિબંધના ત્રણસોથી સાતસો પાનાં થાય તેમાં મોટાભાગના પાનાં નીચે ટિપ્પણી હોય. જેટલી ટિપ્પણી સમૃદ્ધ એટલો મહાનિબંધ મહત્વપૂર્ણ. આધારસૂત્ર વિના ન લખવું આ મુખ્ય નિયમ હોવા છતાં એક પ્રકરણ એવું લખવું પડે જેમાં સમીક્ષા હોય. અધ્યેતા પોતાના વિચારો સમીક્ષામાં રજૂ કરે અને વિષય અંગેની નેગેટિવ બાબતો ઉજાગર કરે. આ નેગેટિવ વાતો પણ તર્ક પુરસ્સર અને સંદર્ભ પુરસ્સર હોવી જોઈએ. વિષય અંગેની પોઝિટિવ અને સપોર્ટિવ વાતો એક પ્રકરણમાં અલગથી લખાય. મહાનિબંધના અલગ અલગ પ્રકરણોમાં, ભૂમિકા, વિષય પ્રવેશ, ઈતિહાસ, વર્તમાન, પોઝિટિવ-નેગેટિવ લખ્યા બાદ છેવટે ઉપસંહાર લખવાનો હોય.

### વાયવા-સેશન

મહાનિબંધ લખવા માટે ઘણું બધું વાંચન કરવું પડે છે. પછી લાંબો મહાનિબંધ કોઈ એક ભાષામાં લખવો જોઈએ. આટલું થયા બાદ, આ મહાનિબંધ શૈક્ષણિક ગુરુને વાંચવા આપવાનો. એ સુધારા સૂચવે તે બધાય સ્વીકારવાના. જ્યાં જ્યાં સુધારો આવે તે સુધારીને શૈક્ષણિક ગુરુને એ ફરીથી બતાવવાનું. એમની સ્વીકૃતિ મળે તે પછી મહાનિબંધ છાપવા આપવાનો. પ્રૂફની ભૂલ ન રહે એ રીતે આખોય મહાનિબંધ છપાવવાનો. આ કડાકૂટ ભર્યું કામ પતે તે પછી આવે વાયવાસેશનનો વારો. મહાનિબંધ લખનાર અધ્યેતાએ લખતી વખતે, જોઈજોઈને લખ્યું હોય એવું બની શકે. અધ્યેતા એ વિષય અંગેના કોઈ પણ પ્રશ્નનો મૌખિક જવાબ આવી શકે છે કે નહી તેની ચકાસણી વાયવા સેશનમાં થાય.

ઘણા બધા પ્રોફેસર્સ અને લેક્ચર્સ અને ટાચર્સની સામે, અધ્યેતાએ ઊભા રેહવાનું. અધ્યેતાને જે પણ પ્રશ્ન પૂછવામાં આવે તેનો જવાબ અધ્યેતાએ આપવાનો. ખાસ વાયવા માટેની જ બેઠક હોય છે તેમાં આવેલા સૌ વિદ્વદ્વર્ય વડીલોને, અધ્યેતા તરફથી હલકોફલકો નાસ્તો પણ પિરસાયો હોય. કડક અને અઘરા સવાલ આવી શકે, અધ્યેતાએ પૂરા આત્મવિશ્વાસથી જવાબ આપવાનો. જવાબ સાથે આધાર સૂત્ર ટાંકવા જેટલી સજ્જનતા જરૂરી. વાયવા સેશન પૂરું

અ.સૌ. પુષ્પાબેન ખુશાલચંદજી જૈન
સુસીલ-પીંકી-નીરવ-શાર્વી જાલોર (થાણા



Scanned by CamScanner

થાય એટલે સમજો પીએચડી પાક્કી થઈ ગઈ. મહાનિબંધનું પ્રિન્ટેડ વર્ઝન યુનિવર્સીટીને અને શૈક્ષણિક ગુરુને સોંપવામાં આવે. તેની પર એકથી વધુ હસ્તાક્ષર મળે. આ હસ્તાક્ષર મળી ગયા તે સાથે અધ્યેતાને ડૉકટરેટ પદવી મળી ગઈ. અધ્યેતાનાં નામ આગળ ડૉ. લખાવા માંડે. પીએચડીનો અધ્યેતા, પીએચડીનો અભ્યાસુ બની જાયે.

પાર્શ્વનાથ વિદ્યાપીઠનાં પુસ્તકાલયમાં એક આખોય કબાટ પીએચડી થિસીસથી ભરેલો છે. બનારસ પહોંચ્યા બાદ ત્રણ દિવસ સુધી હું આ ચાળીસ હજાર પુસ્તકોના ખજાના વચ્ચે કલ્લાકો સુધી ચાલતો રહ્યો હતો. કબાટે કબાટે ઊભા રહેવાનું. સાંજે સમજાતું કે પગ દુઃખી રહ્યા છે. એમાં આ કબાટ જોવા મળી ગયા અને જલસા થઇ ગયા.

જ્ઞાન, સમ્યગ્જ્ઞાન શુભ અધ્યવસાયનું નિર્માણ કરવા માટે છે. એને પદવી પામવાનો અથવા પૈસા પામવાનો રસ્તો બનાવી ન શકાય એ કબૂલ, પીએચડીના મહાનિબંધ વાંચવાથી વિષય -પરીક્ષણની શૈલી સમજવા મળે છે. મેં ઘણાય મહાનિબંધ વાંચ્યા. જેમ નવ્યન્યાયનો અભ્યાસ કરનારા વિદ્વાન પાસે વિશેષ બૌદ્ધિક ક્ષમતા હોય છે તેમ આ મહાનિબંધોનું વાંચન કરનારો, વિષય પરીક્ષણની બૌદ્ધિક ક્ષમતા વિશિષ્ટ રીતે ખીલવી શકે છે. તકલીફ એ છે કે આપણો વાંચન રસ ઘટતો જાય છે. સ્ક્રીન ટાઇમના જમાનામાં એટલે કે મોબાઇલ, ટેબલેટ, લેપટોપ, કોમ્પ્યુટર અને ટી.વી.ના જમાનામાં લોકો પાસે પુસ્તક માટે સમય નથી. જે લોકો વાંચે છે એમાં સરળ સાહિત્ય વાચવામાં માનનારા વધુ છે. જીવનલક્ષી સાહિત્ય સરળ છે, હૃદયને સ્પર્શે છે અને સ્વ-સુધારમાં ઉપયોગી છે તેને લીધે એ વાંચવાનું ગમે છે. ગંભીર વિષયનાં પુસ્તકો, ગહન સંશોધનનાં પુસ્તકો વાંચવાનું કોને ગમે છે આજકાલ ?

સરળ પુસ્તકો માટે સો ટકાનો આદર છે. તકલીફ ત્યારે થાય છે જ્યારે, સરળ ન હોય તેવાં પુસ્તકોના સાથે ઓરમાયું વર્તન થાય છે. ભાવનાત્મક વિકાસ માટે જીવનલક્ષી ઉપદેશ સાહિત્ય અતિશય જરૂરી છે. એનું વાંચન થવું જ જોઈએ. બોધવિકાસ માટે રિસર્ચ બેઝ્ડ સાહિત્ય પણ વાંચવું જોઈએ. એવું નથી કે રિસર્ચ બેઝડ લેખો છાપનારા સ્વતંત્ર મુખપત્રો છે, રિસર્ચ બેઝડ પુસ્તકો અને ગ્રંથો ઘણાય છે. બસ, વાંચવાની વૃત્તિનો સવાલ છે. રિસર્ચ બેઝડ વાંચન, અધિગમ સમ્યગ્દર્શન ઘડે છે. રિસર્ચ બેઝડ વાંચનનો અભાવ, તમને અધિગમ સમ્યગ્દર્શનથી વંચિત રાખે છે.

રિસર્ચ બેઝડ સાહિત્ય ન વાંચનારો, આત્મશુદ્ધિ કરી જ શકશે. એમાં એનું કશું અટકવાનું નથી. રિસર્ચ બેઝડ સાહિત્યનો વાચક, જ્ઞાનગર્ભિત શ્રદ્ધાનો ધન્ય અનુભવ પામી શકે છે. આપણે સરળ વાતના વાચક છીએ, રિસર્ચ બેઝડ વાતો, સરળ નથી અને બસ, એ જ કારણસર આપણે એનાથી દૂર રહીએ છીએ, આ આદત ખોટી છે.

જેઓ સભાઓને સંબોધિત કરે છે તેઓ જો રિસર્ચ બેઝડ વાતો કરવા માંડે છે તો શ્રોતાજનોને અઘરું પડવા લાગે છે. આ પણ અનુભવેલું છે. उत्तम बुद्धिस्तु पुनः विचारयति सर्वं यत्नेन । ખૂબ બધું વિચારવાની ક્ષમતા જેનામાં હોય તે ઉત્તમ બુદ્ધિ છે. આ ક્ષમતા વિકસી શકે, શ્રોતાઓને કયાં સુધી બાળબુદ્ધિ અને મધ્યમ બુદ્ધિ બનાવી રાખવાના ?

કોઈ પીએચડી કરે તેની પ્રેરણા આપવા માટે હું લખી રહ્યો નથી. કોઈનીય પ્રેરણા વિના વરસે દહાડે સેંકડો પીએચડીઓ થાય છે. એ મહાનિબંધ તે તે યુનિવર્સિટીમાં જમા થાય છે. એનો ઉપયોગ શું થાય છે ? તેજસ્વી અધ્યેતા મહાનિબંધ લખે તેમાં ઘણા બધા નવા વિચારબિંદુઓ મળી આવતા હોય છે. અમુક મહાનિબંધ તો એટલા સમૃદ્ધ હોય છે કે મોટી પ્રકાશન સંસ્થા એને પુસ્તક રૂપે છાપીને પ્રચારમાં મૂકે છે. અમુક મહાનિબંધોને પુસ્તકાકાર ભલે ન મળે, પરંતુ એના મહત્ત્વપૂર્ણ મુદ્દા, પ્રોફેસર્સ અને લેકચરર્સને ખૂબ કામ આવે છે. મહાનિબંધને અભ્યાસપૂર્ણ દસ્તાવેજ માનવામાં આવે છે. તેથી રિસર્ચ સ્કોલર્સને એનું વાંચન, માર્ગદર્શનકારી લાગે છે. ફકત અને ફકત જૈન દર્શન

પૂ. સાધ્વીશ્રી પાવનપ્રજ્ઞાશ્રીજી-પૂ. સાધ્વીશ્રી નિર્મળપ્રજ્ઞાશ્રીજી મ.ની પ્રેરણાથી
પિંકીબેન જયેશકુમાર જૈન-અર્હમ્ - વાશી - મુંબઈ



Scanned by CamScanner

આધારિત પીએચડીની સંખ્યા ૫૦૦ થી વધુ છે. પીએચડીના વિષય જોવા જેવો છે :

- ૦ જૈન પરંપરા મેં કોશ સાહિત્ય : એક અધ્યયન
- ૦ જૈન કર્મ સાહિત્ય કા સમીક્ષાત્મક અધ્યયન
- ૦ જૈન દર્શન મેં ગુણ સ્થાનક કી અવધારણા
- ૦ જૈન યોગ સાહિત્ય કી ઐતિહાસિક સમીક્ષા
- ૦ समरादित्य कथा : એક અધ્યયન

આવા ઘણાય વિષયો છે. આ નામ મેં અંદાજે લખ્યા છે જે નામ હોય છે તે પ્રમાણે જ એમાં વાંચન સામગ્રી હોય છે. મોટા મોટા વોલ્યુમ રૂપે જમા થયેલા મહાનિબંધો વાંચ્યા. કેટલા વાંચ્યા એ યાદ નથી. વિદ્વદ્ભોગ્ય વાંચન હતું તેટલું યાદ છે ત્યાર બાદ પીએચડીના અધ્યેતાઓ સાથે વાર્તાલાપ થતો રહ્યો એ આ વિષય પરીક્ષણની પરિપાટી વિષે સ્પષ્ટતા થવા લાગી.

(૯)

બે વાત સમજવામાં આવી આ મહાનિબંધોનાં વાંચન દ્વારા. એક, શુભવિચાર અને શુભ ભાવનાઓનું નિર્માણ કરવા માટે, સ્વાધ્યાય હોય છે. સ્વાધ્યાયની એક એક ક્ષણ શુભ અધ્યવસાયથી ઓતપ્રોત હોય છે. મહાનિબંધમાં વિષયનું ઊંડાણ કેન્દ્રસ્થાને હોય છે. આ મહાનિબંધ લેખનની એક આંતરરાષ્ટ્રીય સ્તર પદ્ધતિ નિશ્ચિત થયેલી છે. આ પદ્ધતિ મુજબ જે કાંઇ લખાય તે સાચું જ માની લેવામાં આવે છે. તકલીફ એ છે કે મહાનિબંધનું લેખન જેણે કર્યું હોય છે તે જૈન ધર્મ અને જૈન દર્શનનો પારંગત અભ્યાસુ હોતો નથી. કયારેક કોઈક નિબંધમાં કશુંક એવું રજૂ થયું હોય છે જે સૂત્રાનુસારી હોતું નથી. એકાદ મુદ્દો, એકાદ પાનું કે એકાદ રજૂઆત એવી હોય છે કે, જે જૈન ધર્મની મૂળ માન્યતા સાથે સુસંગત ન થાય. જે મહાનિબંધને શૈક્ષણિક માન્યતા મળી ચૂકી હોય, તેમાં જ ભૂલ હોય, એ સ્વીકારવું મુશ્કેલ લાગે છે. આ ભૂલ તેને જ સમજાય છે જે ગહન અભ્યાસુ હોય. બાકીના લોકો તો એ ભૂલને સમજી જ શકતા નથી. બલ્કે, તે ભૂલને પણ સત્યનો હિસ્સો માની લે છે. અલગ અલગ મહાનિબંધોમાં આવી કેટલીય વાતો, જૈનધર્મથી વિપરીત વાતો લખાઇ ચૂકી હોય છે. મથાળું જૈન દર્શનનનું હોય એને અંદરની અમુક રજૂઆત જૈન દર્શન સાથે સુસંગત ન હોય આવી પરિસ્થિતિ રહે છે. ચાળીસ-પચાસ વરસ પછી આ મહાનિબંધ, સત્તાવાર રીતે, જૈન દર્શનનું પ્રતિનિધિત્વ કરનારો મહાનિબંધ બની જાય છે. ભૂલ વધારે ન હોય, ભૂલ મોટી ન હોય છતાંય ભૂલ એ ભૂલ છે. ભૂલનું પરિમાર્જન થતું નથી. ભૂલનો પ્રચાર થઇ જાય છે. આ સમસ્યાની જાણ કોને છે ? બોલો.

બે જૈન દર્શન સાથે લેવાદેવા ન હોય એવા મહાનિબંધો તો ગણ્યા ગણાય નહિ, એટલા લખાય છે. એમાં જ્યાં જ્યાં જૈન દર્શનનો ઉલ્લેખ થાય છે ત્યાં ત્યાં જૈન દર્શનને સમર્થન આપવામાં આવ્યું હોય છે એવું નથી. ઘણે ખરે અંશે, જૈન દર્શનની ટીકા, સમીક્ષા કે અનુચિત તુલના કરવામાં આવી હોય છે. અધૂરી અને અધકચરી વાતોનો પાર નથી હોતો. અને છતાં આ નિબંધોને સત્તાવાર રીતે સાચા માનવામાં આવે છે ગજબ છે ને. તમારા માટે કોઈ ખોટી વાતો ફેલાવે એનાથી તમને જેમ ખરાબ લાગી આવે છે તેમ જૈન દર્શન સંબંધી ખોટી વાતો લખાયેલી હોય છે ઘણી જગ્યાએ, એ જોઈને દુ:ખ થઈ આવે છે. આવા મહાનિબંધો તો ગણ્યા ગણાય નહીં એટલા બધા છે.

ધર્મ ક્રિયા અને ધર્મ ઉપદેશ સંબંધી આપણે બધા વાંચતા રહીએ છીએ. છાપામાં કઈ લેખક, ધર્મથી વિપરીત લખી દે તો એની સામે આંદોલન પણ થતાં હોય છે. પેલા લેખકને માફી માંગવી જ પડે છે. મહાનિબંધોમાં અને સંશોધન લેખોમાં તર્ક અને તથ્યનાં નામે, કેટકેટલાય પ્રતિપાદનો એવા થતા હોય છે જે સદંતર ધર્મ વિરૂદ્ધ હોય છે. આવું ધર્મવિપરીત સાહિત્ય વરસોથી લખાતું આવ્યું છે, હજી પણ લખાતું રહે છે. એને રોકવાવાળું કોઈ નથી. કારણ કે આવું લખાય છે તેની ખબર જ નથી. ખબર હોય તો જવાબ માંગીએ. ખબર જ ન હોય તો જવાબ કોણ માંગે ?

પૂ. સાધ્વીશ્રી વિનયપ્રજ્ઞાશ્રીજી મ.ના વર્ષીતપની અનુમોદનાર્થે
કંચનબેન સેવંતીલાલ રીખવચંદ સંઘવી-વાસરડા, સુરત



Scanned by CamScanner

આ વર્તુળના વિદ્વાનોનો વર્ગ, ધાર્મિક સાહિત્યને, ધાર્મિક ઉપદેશના સાહિત્યને, જીવન ઘડતર કરનારા સાહિત્યને માન આપે છે. પરંતુ આ સાહિત્યને એ વિદ્વાનો સંશોધનપૂર્ણ સાહિત્યનો દરજ્જો આપતા નથી. વિશાળ સંખ્યામાં પ્રકાશિત થનારું આજનું જૈન સાહિત્ય, સંશોધનપૂર્ણ અને અભ્યાસપૂર્ણ ન હોય, તેવી સ્થિતિમાં પણ આત્માને લાભકારી હોય છે. એ રીતે એનું સન્માન જરાય ઓછું થતું નથી.

બસ, પીડા એ વાતની થાય કે શૈક્ષણિક જગતમાં, સંશોધનપૂર્ણ સાહિત્ય લખનારાઓ જૈન દર્શન વિશે જૈન ધર્મ વિશે આડું તેડું લખી દે છે. એના જવાબમાં, સંશોધનપૂર્ણ શૈલીથી જ ધમાકેદાર પ્રતિવાદી રજૂઆત કરી શકે એવા લેખકો, બહુ ઓછા દેખાય છે. જે પણ સંશોધનપૂર્ણ લેખન કરનારા વિદ્વાનો છે એમને વાંચવાવાળા લોકો બહુ ઓછા છે. ઉપદેશ પ્રધાન સાહિત્યના લેખકોને મોટો વાચક વર્ગ મળ્યો છે. પરંતુ સંશોધન ક્ષેત્રના પેલા વિદ્વાનો આ ઉપદેશ લેખકોને ઝાઝું મહત્ત્વ આપતા નથી.

સંશોધનનો અર્થ શું ? સંશોધન એટલે એવિડન્સના આધારે તથ્યનું આકલન કરવું. ઈતિહાસ સામગ્રી, પ્રાચીન ગ્રંથો અને સમુચિત તર્કપૂર્વકની રજૂઆત થકી તે તે માન્યતાઓનું સમર્થન કરવું એ સંશોધન છે. સંશોધનનું ક્ષેત્ર સૂક્ષ્મબુદ્ધિની અપેક્ષા રાખે છે. જૈનદર્શનને અત્યારે સંશોધનના ક્ષેત્રે મજબૂત કાર્ય કરી શકે તેવી પ્રતિભાઓની ખૂબ જરૂર છે. ઘણા આક્ષેપોના જવાબ આપવાના છે. ઘણી અધકચરી વાતોના ખુલાસા કરવાના છે. ઘણાય મંતવ્યોનો સબળ પ્રતિકાર કરવાનો છે. ઘણાં રહસ્ય ઉજાગર કરવાના છે.

સાધારણ જન સમાજને આ વાતોથી કોઈ લેવા દેવા નથી. સૌ પોતપોતાની સમસ્યાઓથી પીડાય છે. ઉપદેશ સાહિત્ય થકી તેઓ શાંતિ અને શુદ્ધિ અને શક્તિ મેળવી લે છે. એમને આ સંશોધન સાહિત્યની ગતાગમ નથી પડવાની. પણ એક નાનો અને નક્કર વર્ગ છે, જે સંશોધનપૂર્ણ સાહિત્ય વાંચી શકે છે, સમજી શકે છે. એમના માટે, સંશોધનપૂર્ણ વાંચન સામગ્રી આપણે સૌએ તૈયાર કરવાની રહેશે. અન્ય દર્શનની રજૂઆતની શૈલીથી મહાત્મા સિદ્ધર્ષિ અભિભૂત થતા રહ્યા હતા. એ જૂનો ઈતિહાસ છે. આજના સંશોધનક્ષેત્રના અમુક નાસ્તિક વિદ્વાનો એવું બધું લખી દેતા હોય છે કે, ભલભલા બુદ્ધિશાળીની મતિ મરી જાય.

જૈન પરંપરાને પૂર્ણ રીતે સમર્પિત હોય તેવા સંશોધક વિદ્વાનો આજે છે. થોડાક જ છે. એમની સંખ્યા વધતી જોઈએ, વધારવી જોઈએ. મહાનિબંધો અને અભ્યાસ લેખો દ્વારા જે જે અનુચિત રજૂઆતો થઈ ચૂકી છે તેનું આ પરંપરા-સમર્પિત વિદ્વાન નિરસન કરી શકે છે. એમની સંશોધન શૈલીવાળી રજૂઆતને લીધે, સંશોધન ક્ષેત્ર એમની ઉપેક્ષા કરી જ ન શકે. સંશોધનક્ષેત્રમાં પ્રભાવ ઊભો કરે તેવા લેખો, કોઈ ગ્રંથની પ્રસાવના રૂપે લખાય, કોઈ અભ્યાસુ મુખપત્રમાં લખાય કે સ્વતંત્ર પુસ્તકમાં લખાય. જરૂરી એ છે કે સંશોધનપૂર્ણ સાહિત્ય, જૈનદર્શન સાથેની વફાદારીપૂર્વક ખૂબ બધું લખાય. આવું સાહિત્ય, શ્રમણ સંઘના માર્ગદર્શન અનુસાર ઘણુંબધું લખાતું જશે એનો ફાયદો ભવિષ્યમાં મળશે.

નવા અધ્યેતા ભવિષ્યમાં આ ક્ષેત્રમાં આવશે તે નાસ્તિક વિદ્વાનો દ્વારા લખાયેલા સાહિત્ય વાંચવા પામશે તેમ એને આસ્તિક દ્વારા બધું વાંચવા મળશે. તથ્ય અને તર્કની ધારે કસાયેલું પ્રામાણિક અભ્યાસ-સાહિત્ય એ અધ્યેતા વાંચશે તો એના હાથે ભૂલ થવાની સંભાવના ઘટી જશે. નાસ્તિક વિદ્વાનોની છાયામાં એ આવશે નહીં.

આ આખોય લેખ જો કે વાંચવામાં અઘરો છે એ મને બરોબર સમજાય છે. તેર પાનાનો આ લેખ જેને વાંચવામાં અઘરો લાગે, એ સંશોધનક્ષેત્રમાં શું ઉકાળી શકવાનો હતો ? આ પણ સમજી શકાય છે. બનારસે મને આ જ વાત સમજાવી છે કે, બનારસમાં ફકત ગંગાનદી અને મંદિરો જ નથી. બીજું ઘણુંય બનારસમાં જોતાં આવડવું જોઈએ.

(૧-૪-૧૯)

પૂ. મુનિરાજશ્રી વિનયપ્રિય વિજયજી મ.ની પ્રેરણાથી
જીમીષા અભિષેકકુમાર સંઘવી - ચાના સુરત



Scanned by CamScanner